# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીથી 62 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ યુવા-કેન્દ્રિત પહેલનું અનાવરણ કરશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ભારત એક વિકસિત રાષ્ટ્ર બનવા તરફ અગ્રેસર.

3) કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીઓમાં 20 ટકા સ્નાતક બેઠકો અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરવામાં આવશે.

4) નવરાત્રિ દરમિયાન ભારતના ગ્રાહક અર્થતંત્રમાં છેલ્લા એક દાયકામાં સૌથી વધુ વેચાણ જોવા મળ્યું.

5) વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિમરન તેમજ નિષાદ કુમારે સુવર્ણ ચંદ્રક જીત્યા.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-YOUTH-PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીથી 62 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ યુવા-કેન્દ્રિત પહેલનું અનાવરણ કરશે. યુવા કૌશલ્ય વિકાસ માટે એક સીમાચિહ્નરૂપ પહેલમાં, પ્રધાનમંત્રી દેશભરમાં 1,000 સરકારી સંચાલિત ITI સંસ્થાઓને અપગ્રેડ કરવા માટે PM-SETUનો શુભારંભ કરશે.

શ્રી મોદી બિહારની પુનર્ગઠિત મુખ્યમંત્રી નિશ્ચય સ્વ-સહાય ભથ્થું યોજનાનો પણ શુભારંભ કરશે, જે બે વર્ષ માટે 1,000 રૂપિયાથી 5 લાખ સ્નાતકોને માસિક ભથ્થું પૂરું પાડશે. શ્રી મોદી ઉદ્યોગ-લક્ષી અભ્યાસક્રમો અને વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે બિહારમાં જન નાયક કરપુરી ઠાકુર કૌશલ્ય યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી બિહારની ચાર યુનિવર્સિટીઓમાં નવી શૈક્ષણિક અને સંશોધન સુવિધાઓનો શિલાન્યાસ પણ કરશે અને બિહતામાં NIT પટનાના નવા કેમ્પસને સમર્પિત કરશે. શ્રી મોદી 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નવોદય વિદ્યાલયો અને એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓમાં સ્થાપિત 1,200 વ્યાવસાયિક કૌશલ્ય પ્રયોગશાળાઓનું પણ ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી કૌશલ્ય દિક્ષાંત સમારોહમાં ITI ટોચના વિદ્યાર્થીઓનું સન્માન પણ કરશે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે ભારત એક વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે જ્યારે દેશ આઝાદીના 100 વર્ષની ઉજવણી કરશે ત્યારે ખાદી તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગૃહમંત્રીએ હરિયાણાના રોહતકમાં મહર્ષિ દયાનંદ યુનિવર્સિટીના કેમ્પસમાં આયોજિત ખાદી કારીગર મહોત્સવમાં કારીગરો સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યું કે સ્વતંત્રતા સમયે એવું જોવા મળ્યું કે સ્વદેશી અને માતૃભાષા વિના સ્વરાજનું સ્વપ્ન અધૂરું છે.

શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રીએ તાજેતરમાં 395થી વધુ વસ્તુઓ પર GST ઘટાડીને લોકોને દિવાળીની ભેટ આપી છે.

(BYTE: AMIT-SHAH-ON-GST-FINAL)

# SHIVRAJ-AGRICTURE-UNIV

કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીઓમાં 20 ટકા સ્નાતક બેઠકો અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરવામાં આવશે. કૃષિ શિક્ષણને મોટી રાહત આપતા કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી કે ભારતીય કૃષિ સંશોધન પરિષદ "એક રાષ્ટ્ર, એક કૃષિ, એક ટીમ" ની ભાવના અનુસાર આ પરીક્ષાનું આયોજન કરશે. આ પગલાથી ધોરણ 12માં જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર,

ગણિત અથવા કૃષિનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ICAR રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષા (CUET) દ્વારા પ્રવેશ મેળવી શકશે.

કૃષિ મંત્રીએ જણાવ્યું કે, આ નિર્ણય દેશભરના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયાને સરળ અને એકરૂપ બનાવશે. તે BSC કૃષિમાં પ્રવેશ સંબંધિત જટિલતાઓને પણ દૂર કરશે અને આશરે ત્રણ હજાર વિદ્યાર્થીઓને લાભ થશે. શ્રી ચૌહાણે જણાવ્યું કે, આ પરીક્ષા શૈક્ષણિક વર્ષ 2025-26 થી લાગુ કરવામાં આવશે.

# NAVRATRI-SALES

નવરાત્રિ દરમિયાન ભારતના ગ્રાહક અર્થતંત્રમાં છેલ્લા એક દાયકામાં સૌથી વધુ વેચાણ જોવા મળ્યું છે. વેચાણમાં આ વધારો સરકારના આગામી પેઢીના વસ્તુ અને સેવા કરમાં સુધારાને કારણે છે. આ પગલાંથી કિંમતો ઓછી થઈ છે, પરંતુ ગ્રાહકોની આકાંક્ષાઓમાં પણ વધારો થયો છે. આનાથી લોકોને નવા વાહનો ખરીદવા, ઘરગથ્થુ ઉપકરણોમાં રોકાણ કરવા અને જીવનશૈલીના સામાન પર વધુ ખર્ચ કરવાની મંજૂરી મળી છે.

નવરાત્રિ દરમિયાન મુખ્ય કાર ઉત્પાદકોએ વેચાણમાં નોંધપાત્ર વધારો જોયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં લગભગ 100 ટકા સુધી પહોંચ્યો છે. મુખ્ય ગ્રાહક ઇલેક્ટ્રોનિક્સ કંપનીઓના વેચાણના આંકડા પણ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

# NIRMALA SITARAMAN

**કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આજે ગુજરાતના ગાંધીનગર ખાતેથી દાવો ન કરાયેલ નાણાકીય સંપત્તિ અંગે દેશવ્યાપી જાગૃતિ ઝુંબેશ 'આપકી પૂંજી આપકા અધિકાર'નો શુભારંભ કરાવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઇ ઉપસ્થિત રહેશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GST-LEATHER-AND-FOOTWEAR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા GST બચત મહોત્સવથી સમાજના તમામ વર્ગોને લાભ મળી રહ્યો છે.**

આજે, અમે ચામડા અને ફૂટવેર પર GST ઘટાડાના ફાયદાઓ પર આ અહેવાલ રજૂ કરીએ છીએ.

(BYTE: DRISHTI--GST—LEATHER)

# TRAI-DIGITAL-RADIO

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ખાનગી રેડિયો બ્રોડકાસ્ટર્સ માટે ડિજિટલ રેડિયો બ્રોડકાસ્ટિંગ પોલિસી બનાવવાની ભલામણ કરી છે. ભારતીય દૂરસંચાર નિયામકે ચાર A-પ્લસ શહેરો - દિલ્હી, મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈ અને નવ A-ક્લાસ શહેરો - હૈદરાબાદ, બેંગલુરુ, અમદાવાદ, સુરત, પુણે, જયપુર, લખનૌ, કાનપુર અને નાગપુરમાં ડિજિટલ રેડિયો બ્રોડકાસ્ટિંગ સેવાઓ શરૂ કરવા માટે અનામત કિંમતની ભલામણ કરી છે.

TRAIએ જણાવ્યું કે, નવા બ્રોડકાસ્ટર્સે સિમ્યુલકાસ્ટ મોડમાં ડિજિટલ રેડિયો સેવાઓ શરૂ કરવી જોઈએ. હાલના એનાલોગ FM રેડિયો બ્રોડકાસ્ટર્સ પણ સ્વૈચ્છિક ધોરણે સિમ્યુલકાસ્ટ મોડમાં સ્થળાંતર કરવાની મંજૂરી આપવી જોઈએ. વધુમાં જણાવ્યું હતું કે ડિજિટલ રેડિયો બ્રોડકાસ્ટિંગ માટે પરમિટનો સમયગાળો 15 વર્ષનો હોવો જોઈએ.

પ્રસાર ભારતીએ તેની જમીન અને ટાવર માળખાકીય સુવિધા તેમજ સામાન્ય બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ખાનગી બ્રોડકાસ્ટર્સ સાથે રાહત દરે શેર કરવા જોઈએ. TRAIએ ભલામણ કરી હતી કે સરકારે એક જ ટેકનોલોજી પરિદૃશ્ય હેઠળ ચાર A-પ્લસ શહેરો અને નવ A-ક્લાસ શહેરો માટે ફ્રીક્વન્સી

પ્લાન તૈયાર કરવા જોઈએ અને તેમને જાહેર ક્ષેત્રમાં મૂકવા જોઈએ. માહિતી અને પ્રસારણ મંત્રાલયે ગયા વર્ષે ખાનગી રેડિયો બ્રોડકાસ્ટર્સ માટે ડિજિટલ રેડિયો બ્રોડકાસ્ટિંગ નીતિ બનાવવા માટે TRAI પાસેથી ભલામણો માંગી હતી.

# BIHAR-ECI-VISIT

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં પંચની આખી ટીમ બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે પટણા પહોંચી ગઈ છે. પ્રતિનિધિમંડળમાં ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીનો સમાવેશ થાય છે.

ટીમ આજે સવારે વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરીને તેમના સૂચનોની ચર્ચા કરશે. ઉપરાંત વહીવટી અને કાયદો અને વ્યવસ્થાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે વહીવટી અને પોલીસ અધિકારીઓ સાથે પણ બેઠકો કરશે. કમિશન તમામ સબ-ડિવિઝનલ કમિશનરો, પોલીસ મહાનિરીક્ષક, નાયબ નિરીક્ષક, જિલ્લા મેજિસ્ટ્રેટ અને વરિષ્ઠ અને જિલ્લા પોલીસ અધિક્ષકો સાથે વાતચીત કરશે.

આવતીકાલે વિવિધ અમલીકરણ એજન્સીઓના નોડલ અધિકારીઓ સાથે બેઠક કરશે. ચર્ચાઓ મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા અને કાળા નાણાંના વ્યવહારો અને દારૂ અને માદક દ્રવ્યોના પુરવઠાને રોકવા માટેના પગલાં પર કેન્દ્રિત હશે.

# PARA-ATHLETICS

વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિમરને મહિલાઓની 100 મીટર T12 સ્પર્ધામાં તેમજ  નિષાદ કુમારે પુરુષોની ઊંચા કુદકા T47 માં સુવર્ણ ચંદ્રક જીતી લીધા છે

નવી દિલ્હીમાં ચાલી રહેલી વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં, ભારત હાલમાં છ સુવર્ણ, પાંચ રજત અને ચાર કાંસ્ય ચંદ્રક સાથે ચોથા સ્થાને છે. કુલ ચંદ્રક ની સંખ્યા ૧૫ પર પહોંચી ગઈ છે.

# CRICKET-IND-VS-WI

ભારત આજે અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટના ત્રીજા દિવસે પ્રથમ દાવમાં પાંચ વિકેટે 448 રનના સ્કોરથી રમત આગળ વધારશે. ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા અને કે.એલ. રાહુલની સદીઓને કારણે, ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ પર 286 રનની નોંધપાત્ર સરસાઈ મેળવી છે.

ગઈકાલની રમતના અંતે, જાડેજા 104 રન પર અને વોશિંગ્ટન સુંદર 9 રન પર રમી રહ્યા હતા. જુરેલે 125 રન અને રાહુલે 100 રન બનાવ્યા હતા. અગાઉ, વેસ્ટ ઈન્ડિઝની આખી ટીમ પ્રથમ દાવમાં ફક્ત 162 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- ભારતીય સેનાના વડાએ પાકિસ્તાનને આપેલી ચેતવણીના સમાચારને આજના મોટા ભાગના તમામ અખબારોએ હેડલાઇન બનાવી છે.
- સંદેશ લખે છે હવે ભારત સંયમ નહીં જાળવે-આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીની પાકિસ્તાનને કડક ચેતવણી
- નવગુજરાત સમયે આતંકવાદ બંધ નહીં કરે તો, પાકિસ્તાન વિશ્વના નકશા પરથી ભૂંસાઈ જશે
- જગદીશ પંચાલ ગુજરાત ભાજપના પ્રમુખ, આજે સત્તાવાર જાહેરાત-આ ગુજરાત સમાચારની હેડલાઈન છે.
- દિવ્ય ભાસ્કર છેલ્લા પાને લખે છે જામનગરની 25 પેઢી પર GSTના દરોડા, 100 કરોડના વ્યવહાર શંકા
- ભારત અને વેસ્ટ ઈન્ડિઝ ટેસ્ટ મેચ, વર્લ્ડ વેઇટલિફ્ટિંગમાં મીરાબાઈ ચાનુને રજત ચંદ્રક સહિતના સમાચારો તમામ અખબારોના રમતગમતના પાને જોવા મળી રહ્યા છે.